# મિલકત પચાવી પાડનાર ડો. સુભાષ કાંબલેની ધરપકડ

**મુંબઇના** હીરા વેપારીની પ્રોપર્ટી હોસ્પિટલ માટે માસિક ૩.૫૮ લાખના ભાડે રાખી હતી

**2 કરોડ** ઉપરાંતનું ભાડું ચડી ગયું હતું ઉપરાંત માલિકને એટ્રોસિટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી

સુરતઃ વેસુ-ભરથાણા ખાતે મુંબઈના જાણીતા ડાયમંડ વેપારીની અબજો રૂપિયાની કિંમત મિલકત પચાવી પાડનાર ડોય સુબોધ રામચંદ્ર કાંબલેની પોલીસે ધરપકડ કરી છે. ડો. કાંબલેએ 2 કરોડથી વધુનું ભાડું ચૂકવ્યું ન હતું એટલું જ નહીં માલિકને એટ્રોસિટીના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

મુંબઈમાં રહેતા હીરાનો વેપાર કરતાં ૫૧ વર્ષીય સંજયભાઈ હિંમતલાલ શાહે વર્ષ ૨૦૧૮માં વેસુ ખાતે આવેલ 'વ્હાઈટ હાઉસ' નામના ઔદ્યોગિક બિલ્ડિંગમાં પ્રથમ માળ અને ત્રીજા માળની મળીને કુલ ૧૧ દુકાનો (૭૧૭૮ ચોરસ ફૂટ) ખરીદી હતી. ડિસેમ્બર-૨૦૨૨માં આપ્રિકોર્પ હેલ્થ પ્રા. લિ.ના ઓથોરાઈઝ્ડ ડિરેક્ટર સુબોધ રામચંદ્ર કાંબલેએ હોસ્પિટલ ચલાવવાના હેતુથી રૂ.૩.૫૮ લાખના માસિક ભાડાથી આ મિલકત ૧૫ વર્ષના રજિસ્ટર્ડ લીઝ કરારથી ભાડે લીધી હતી. સપ્ટેમ્બર-૨૦૨૩ પછી આરોપી સુબોધ કાંબલેએ ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું. ઓક્ટોબર-૨૦૨૩થી ઓગસ્ટ-૨૦૨૬ સુધીનું વ્યાજ અને જીએસટી સહિત કુલ રૂ.૨,૦૦,૯૯,૩૮૮નું ભાડું ચડી ગયું હોવા છતાં ભાડૂતે રકમ ચૂકવી ન હતી. મૂળ માલિક જ્યારે ભાડું અને કબજો માગવા ગયા ત્યારે આરોપીએ તેમને એટ્રોસિટીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. હતી. જેથી મૂળ માલિક સંજયભાઈ શાહે સુરત જિલ્લા કલેક્ટર કચેરીમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. કલેક્ટરની સમિતિ દ્વારા પુરાવાઓની ઝીણવટભરી ચકાસણી બાદ કેસમાં તથ્ય જણાતાં અને પોલીસ કમિશનર તરફથી કાનૂની લીલી ઝંડી મળતાં જ વેસુ પોલીસે એક્શન મોડ આવી હતી. કલેક્ટરની સમિતિની બેઠક અને પોલીસ કમિશનરની કચેરી દ્વારા ગુનો દાખલ કરવાની મંજૂરી મળતાં, ડી' ડિવિઝનના એ.સી.પી. વી.આર. મલ્હોત્રાના આદેશથી વેસુ પોલીસે આરોપી સુબોધ રામચંદ્ર કાંબલેની ધરપકડ કરી હતી.

# વારંવાર જામીનદાર બનતા વ્યક્તિને જજે કસ્ટડીમાં લેવાનું કહેતાં ટાઉટોમાં ફફડાટ

**છેલ્લે** કોર્ટે તે વ્યક્તિ પાસે માફીનામું લખાવી જવા દીધો

સુરતઃ સુરતની કોર્ટ સંકુલમાં છેલ્લા ઘણા સમયથી સક્રિય ટાઉટો અને અલગ અલગ કેસમાં જામીન થતાં જામીનદારોની ચહલપહલથી વકીલ આલમમાં ભારે રોષ અને અકળામણ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે આજે સુરત કોર્ટમાં બનેલી એક ઘટનાને કારણે વારંવાર કેસોમાં જામીન થતાં જામીનદારો અને ટાઉટોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, આજે સુરતની એક કોર્ટ રૂમમાં કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે એક શખ્સે પ્રવેશ કર્યો હતો. તેની શંકાસ્પદ હિલચાલ જોઈને ન્યાયાધીશે તુરંત જ તેને અટકાવ્યો હતો અને તેનું નામ પૂછીને "તમે અત્યાર સુધી કેટલા કેસમાં જામીનદાર બન્યા છો?" તેવો સીધો સવાલ કર્યો હતો. કોર્ટની આ અચાનક પૂછપરછથી શખ્સ ગભરાઈ ગયો હતો અને ગળગળો થઈને કોર્ટની માફી માંગવા લાગ્યો હતો. વધુ પૂછપરછ દરમિયાન તેણે કબૂલાત કરી હતી કે તે અત્યાર સુધીમાં અલગ-અલગ ૭-૮ કેસમાં જામીનદાર બની ચૂક્યો છે. આ સાંભળતાં જ કોર્ટે કડક વલણ અપનાવીને તે શખ્સને તુરંત જ કસ્ટડીમાં લેવાનું કહેતાં કોર્ટ સંકુલમાં વિવિધ કેસોમાં જામીનદાર બનતાં તત્ત્વોમાં ભારે સન્નાટો છવાઈ ગયો હતો. જોકે, ત્યારબાદ કોર્ટે માનવતા દાખવી તે વ્યક્તિ પાસેથી લેખિતમાં માફીનામું લખાવીને તેને જવા દીધો હતો.

# રાંદેરમાં 10 દિવસથી ઈયળ, જીવાતવાળું આવતું ગંદું પાણી

**રહીશો** દ્વારા વારંવાર તંત્રને ફરિયાદો કરવા છતાં કોઈ ઉકેલ નહીં



સુરતઃ સ્માર્ટ સિટી અને દેશભરમાં સ્વચ્છતાના ડંકા વગાડતા સુરત શહેરમાં તંત્રના દાવાઓની પોલ ખુલ્લી પડી રહી છે. રાંદેર વિસ્તારમાં આવેલા ભાણકી સ્ટેડિયમ પાસે રહેતા મુકેશભાઈ પટેલના ઘરે છેલ્લા 10 દિવસથી નળમાં ઈયળો અને જીવાતવાળું અતિશય ગંદુ પાણી આવી રહ્યું છે. ચોમાસાની ઋતુ શરૂ થતાં જ દર વર્ષે શહેરના વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ મિશ્રિત કાળું અને દુર્ગંધયુક્ત પાણી આવવાની ફરિયાદો સામાન્ય બની જાય છે. તંત્ર દ્વારા માત્ર મોટો દાવો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે સ્થાનિક લોકો દૂષિત અને રોગચાળો ફેલાવે તેવું પાણી વાપરવા માટે મજબૂર બન્યા છે.

સ્થાનિક રહીશો દ્વારા વારંવાર તંત્રને લેખિત અને મૌખિક ફરિયાદો કરવા છતાં કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી. ચોમાસા દરમિયાન દર વર્ષે આવી જ ગંભીર સમસ્યાઓ સામે આવે છે અને અધિકારીઓ માત્ર ખાતરીઓ આપીને સંતોષ માની લે છે. રોગચાળો વકરે તે પહેલાં તંત્ર ઊંઘમાંથી જાગીને આ લાઇન લીકેજ કે પ્રદૂષણનું કાયમી નિવારણ લાવશે કે પછી પ્રજાને આ રીતે જ જીવાતવાળું પાણી પીવા મજબૂર કરશે, તેવા સવાલો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### 'સ્ટ્રેસ મેનેજમેન્ટ અને સ્યુસાઇડ પ્રિવેન્શન' વિષય પર સેમિનાર યોજાયો




સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત અને સાર્વજનિક યુનિવર્સિટીની ઘટક સંસ્થા એસ. આર. લુથરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ "સ્ટ્રેસ મેનેજમેન્ટ અને સુસાઇડ પ્રિવેન્શન" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિષ્ણાત તરીકે ચાઈલ્ડ એક્સપર્ટ અને પીડિયાટ્રિશિયન ડો. સલીમ હીરાણી, સાયકિયાટ્રિસ્ટ ડો. કેતન ભરાડવા, સાયકોલોજિસ્ટ ડો. રુતા દેસાઈ અને ડો. આભા ગોવાણી ઉપસ્થિત રહ્યા હતા.

### VNSGUમાં કૃષિ અને પાક સુધારણા અંગે સેમિનાર



સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ખાતે ટકાઉ કૃષિ અને પાક સુધારણા માટેની નવીન વ્યૂહરચનાઓ અંગે એકદિવસીય સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં પરંપરાગત કૃષિ જ્ઞાનને આધુનિક વૈજ્ઞાનિક સાધનો સાથે જોડીને પાકની ઉત્પાદકતા વધારવા અને પર્યાવરણને અનુકૂળ ખેતી વિકસાવવા અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. VNSGUના કુલપતિ ડો. કિશોરસિંહ એન. ચાવડા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. મીનુ એચ. પરબિયાએ બાપાલાલ વૈદ્યના વનસ્પતિશાસ્ત્ર ક્ષેત્રે યોગદાન અંગે માહિતી આપી હતી. સેમિનારમાં બાયોસાયન્સિસ વિભાગના બોટની વિષયમાં સર્વોચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીને દીક્ષાંત સમારોહમાં ડો. દિનાઝ એમ. પરબિયા ગોલ્ડ મેડલ આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

### વિરલ દેસાઈના 'ટ્રી ગણેશા' મહોત્સવમાં 6,800 વિદ્યાર્થી બન્યા પર્યાવરણ સેનાની



સુરતઃ જાણીતા પર્યાવરણપ્રેમી વિરલ દેસાઈ દ્વારા આયોજિત 'ટ્રી ગણેશા' મહોત્સવમાં આ વર્ષે સુરતની વિવિધ શાળાઓ અને કોલેજોના 6,800થી વધુ વિદ્યાર્થીઓ સાથે પર્યાવરણ સંરક્ષણ અંગે સીધો સંવાદ સાધીને તેમને 'પર્યાવરણ સેનાની' તરીકે પર્યાવરણ રક્ષણની જવાબદારી સ્વીકારવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. 'સત્યાગ્રહ અગેઈન્સ્ટ પોલ્યુશન એન્ડ ક્લાયમેટ ચેન્જ' મૂવમેન્ટ અંતર્ગત સતત આઠમા વર્ષે આયોજિત થયેલા 'ટ્રી ગણેશા' મહોત્સવમાં વિદ્યાર્થીઓને પર્યાવરણીય સમસ્યાઓ અંગે માહિતગાર કરાયા હતા. આ વર્ષના મહોત્સવની વિશેષ થીમ 'દસ સાલ બેમિશાલ' રાખવામાં આવી હતી.

### રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલને રોલબોલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક



સુરત : ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલની Under-17 Boys Roll Ball Team એ Roll Ball Association of Gujarat દ્વારા આયોજિત Gujarat State Roll Ball Championship 2026-27 માં શાનદાર પ્રદર્શન કરી ત્રીજું સ્થાન અને કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે આ સિદ્ધિ શાળા ખેલાડીઓની ટીમવર્ક, મહેનત, દૃઢ નિશ્ચય અને રમતગમતની ભાવનાનું સુંદર પરિણામ છે. શાળા પરિવાર તરફથી તમામ ચેમ્પિયન્સને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### રાષ્ટ્રીય કલા કેન્દ્રના હોદ્દેદારોની વરણી

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્રના ૨૦૨૬-૨૭ વર્ષના હોદ્દેદારો તથા કારોબારી સભ્ય તરીકે પ્રમુખ રૂપીન પચ્ચીગર, ઉપપ્રમુખ આશીષ શાસ્ત્રી, મહામંત્રી ભરત ભાવસાર, કોષાધ્યક્ષ હેમંત માવાવાળા, સહમંત્રીઓ પ્રવિણ સરાધિયા તથા મેહુલ શર્મા, કારોબારી સભ્યોમાં સુધીર ચાર્દી, રાજર્ષિ સ્માર્ત, ચેતનાબેન પુરોહિત, યામિની વ્યાસ, હિમાંશુ ભટ્ટ, કિરણસિંહ ચૌહાણ, વિપુલ ભટ્ટ, શંકરભાઈ પટેલ, ડો. દિલિપ શાસ્ત્રી, દીનેશભાઈ વૈદ્ય, વિકાસબેન દેસાઈ, મયંક ત્રિવેદી, મુકુંદ કિનખાબવાળા, નરેશ કાપડિઆ, કિરણ ત્રિવેદી, પૂર્ણિમા ભટ્ટ, સ્વપ્નીલ પાઠક, પ્રશાંત સોમાની અને અભિજ્ઞ શાસ્ત્રીને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. સમિતિના કન્વિનરો તરીકે નાટય સમિતિ સ્વપ્નીલ પાઠક, સાહિત્ય સમિતિ યામિની વ્યાસ, સંગીત સમિતિ અભિજ્ઞ શાસ્ત્રી, ચિત્રકળા સમિતિ રાજર્ષિ સ્માર્ત, વ્યવસ્થાપક સમિતિ વિપુલ ભટ્ટનો સમાવેશ થાય છે.

## નક્ષત્ર સેફ વોલ્ટ કૌભાંડના ત્રણ આરોપીની જામીન અરજી ફગાવાઈ

સુરતઃ સિંગણપોર કોઝવે રોડ પર આવેલા 'નક્ષત્ર સેફ હાઉસ'ના ગ્રાહકોના કરોડો રૂપિયાના સોનાના દાગીના પર હાથ સાફ કરી લીધાના કેસમાં જેલવાસ ભોગવતાં કૌશલ ધનેન્દ્રભાઈ, મિતેષ પારેખ, મહેશ દીયોરાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ જામીન અરજીનાં વિરોધમાં મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ દલીલ કરી હતી. ફરિયાદી તરફે સોગંદનામું રજૂ કર્યું હતું. તેમાં જણાવવામાં આવ્યું હતું કે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયું છે અને અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવે તો ફરિયાદીને કોઈ વાંધો નથી. પક્ષકારોની રજૂઆત બાદ એડીશનલ સેશન્સ કોર્ટનાં જજ જયેશકુમાર લક્ષ્મણભાઈ શ્રીમાળીએ જામીન નામંજૂર કર્યા હતા.

# ખાડીપૂર નિવારણ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન

**મુખ્યમંત્રી** સમક્ષ રજૂઆત પહેલાં ધારાસભ્યો-સાંસદોનાં સૂચનો મેળવાશે

**ટૂંકા** અને લાંબા ગાળાનાં કામોને આખરી ઓપ આપી ટેન્ડરની તૈયારી

સુરતઃ સુરત શહેરને ખાડી અને તાપીના પૂરથી બચાવવા રાજ્યસ્તરેથી શરૂ કરાયેલા પ્રયાસો હવે અભ્યાસ અને સરવેના તબક્કાથી આગળ વધી અમલીકરણની દિશામાં પહોંચી રહ્યા છે. ખાડીપૂર નિવારણ માટે જરૂરી વિવિધ સરવે, હાઈડ્રોગ્રાફી અભ્યાસ અને મોડેલ રન પૂર્ણ થયા બાદ સંબંધિત એજન્સીઓ દ્વારા રિપોર્ટ પણ મનપા અને સિંચાઈ તંત્રને સોંપી દેવામાં આવ્યા છે. હવે આ અભ્યાસના આધારે પૂર નિવારણ માટેના ટૂંકા તથા લાંબા ગાળાના આયોજનને અંતિમ સ્વરૂપ આપી ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવાની કવાયત હાથ ધરાઈ છે. ત્યારે આજે શહેરના ધારાસભ્યો અને સાંસદ સમક્ષ પ્રેઝન્ટેશન કરી તેમના સૂચનો પણ મેલવવા મીટિંગ ગોઠવવામાં આવી છે.

ખાડીપૂર દરમિયાન શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ, ખાડીઓની વહનક્ષમતા, પાણીના પ્રવાહ અને વિવિધ સ્થળોએ જરૂરી માળખાકીય સુધારાઓ સહિતના મુદ્દાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અગાઉ રાજ્ય સરકારે સુરતના ખાડી પૂર નિવારણ માટે વ્યાપક આયોજન તૈયાર કરવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ખાડી વિકાસ અને પૂર નિવારણ માટે રૂ.500 કરોડના આયોજનની જાહેરાત કરી હતી. હવે ચાલુ સપ્ટેમ્બર મહિનાના અંતમાં મુખ્યમંત્રી સમક્ષ સમગ્ર ખાડી પૂર નિવારણ પ્રોજેક્ટનું પ્રેઝન્ટેશન કરવામાં આવનાર છે. જોકે, તે પહેલાં સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓના સૂચનો મેળવવાની સરકારની સૂચનાને પગલે બુધવારે સુરત શહેરના ધારાસભ્યો અને સાંસદો સાથે તાપીપૂર નિવારણ સમિતિની સંકલન બેઠક યોજાશે. આ બેઠકમાં અત્યાર સુધી થયેલા સરવે અને અભ્યાસના તારણો, પ્રસ્તાવિત ટૂંકા તથા લાંબા ગાળાના કામો, જરૂરી માળખાકીય સુવિધાઓ અને આગામી ટેન્ડર પ્રક્રિયા અંગે ચર્ચા થવાની શક્યતા છે. ધારાસભ્યો-સાંસદોના સૂચનોને આયોજનમાં સમાવી અંતિમ પ્રસ્તાવ તૈયાર કરવામાં આવશે. અગાઉ ખાડીપૂર નિવારણ માટે હાઈડ્રોલિક મોડેલિંગ અને અન્ય ટેકનિકલ અભ્યાસને મહત્ત્વ આપવામાં આવ્યું હતું તેમજ ખાડીઓના પ્રવાહ અને હાલની સ્થિતિ સમજવા માટે ડ્રોન, ડીજીપીએસ અને લાઈડાર આધારિત સરવે સહિતની કામગીરી પણ હાથ ધરાઈ હતી. હવે આ તમામ અભ્યાસના આધારે ક્યાંથી કામ શરૂ કરવું, કયા કામોને પ્રથમ તબક્કામાં લેવા અને લાંબા ગાળે કઈ માળખાકીય વ્યવસ્થા ઊભી કરવી, તે નક્કી કરવાનો તબક્કો આવી પહોંચ્યો છે. સુરતમાં જુલાઈમાં આવેલા ગંભીર ખાડીપૂર બાદ શહેરમાં પૂર નિવારણની કાયમી વ્યવસ્થાની માંગ ઉગ્ર બની હતી. હવે રિપોર્ટ અને મોડેલિંગના પરિણામોને આધારે નિર્ણય લેવામાં આવે છે કે નહીં અને કાગળ પરના આયોજનને ટેન્ડર બાદ વાસ્તવિક કામમાં કેટલી ઝડપથી ફેરવવામાં આવે છે, તેના પર સમગ્ર પ્રોજેક્ટની અસરકારકતા નિર્ભર રહેશે.

## આજીવન કેદની સજાના બે આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં

સુરતઃ હત્યા કેસમાં આજીવન કેદની સજાના બે આરોપીના જામીન હાઈકોર્ટે મંજૂર કર્યા હતા. તા. ૧૬/૦૯/૨૦૨૧ ના રોજ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી હત્યાની ફરિયાદમા સુરત કોર્ટે આરોપી કિશન ઉર્ફે ક્રિષ્ણા કાલીશંકર ગુપ્તા અને અજય ઉર્ફે એલેક્ષને આજીવન કેદની સજા ફટકારી હતી. સેશન્સ કોર્ટના હુકમથી નારાજ થઈને આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી અને જામીન પર મુક્ત થવા અરજી કરી હતી. આરોપી તરફે એડવોકેટ શકીલ કુરેશી, પી ટી રાણાએ રજુઆત કરી હતી. જામીન અરજીની સુનાવણી બાદ હાઈકોર્ટે બંન્ને આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

## બ્રેઈનડેડ રત્નકલાકારના અંગદાનથી ચારને નવજીવન

**ડિંડોલીમાં** ઘરે દાદર પરથી પટકાયા હતા



સુરતઃ મુળ મહારાષ્ટ્રના વતની રત્નકલાકાર સંતોષભાઈ એકનાથભાઈ મહાલે (ઉં.વ.52) નવાગામ ડિંડોલી ખાતે આવેલા જલારામ નગરમાં પરીવાર સાથે રહેતા હતા અને રત્નકલાકાર તરીકે નાકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હતા. શનિવારે સાંજે રાત્રે તેઓ ઘરમાં દાદર પરથી પડી ગયા હતા. જેથી તેઓને માથામાં ગંભીર ઈજાઓ થતા પરિવારજનો તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં નિદાન માટે CT સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું અને મગજમાં લોહીનો ગઠ્ઠો અને સોજો હોવાનું નિદાન થયું હતું. દરમિયાન સોમવારે ચેસ્ટ ફિઝીશિયન ડૉ. સમીર ગામી, ફિઝીશિયન ડૉ. ચંદ્રકાંત લાલવાણી, ન્યુરોસર્જન ડૉ. હરિન મોદી, ઈન્ટેન્સિવિસ્ટ ડૉ. દિવ્યેશ પટેલે સંતોષભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા અને ડોનેટ લાઈફના સ્થાપક નીલેશ માંડલેવાલાનો સંપર્ક કર્યો હતો. જેથી ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોચી સંતોષભાઈના પરિવારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારજનો તરફથી અંગદાનની સંમતી મળતા SOTTO નો સંપર્ક કરવામાં આવ્યો હતો. SOTTO દ્વારા લીવર અને બંને કિડની અમદાવાદની હોસ્પિટલને ફાળવવામાં આવી હતી. લીવરની બાયોપ્સી કરાવતા તેમાં ફાઈબ્રોસિસ જણાતા લીવરનું દાન થઈ શક્યું ન હતું. દાનમાં મેળવવામાં આવેલી કિડનીઓનું ટ્રાન્સપ્લાન્ટ બે જરૂરિયાતમંદ દર્દીઓમાં અમદાવાદની હોસ્પિટલમાં કરવામાં આવશે. ચક્ષુઓનું દાન લોક દ્રષ્ટિ ચક્ષુ બેંકના ડોકટરે સ્વીકાર્યું હતું.

# શહેરમાં 28 હજાર જગ્યાએ મચ્છર ઉત્પત્તિ, 5,340ને નોટિસ

**21** દિવસમાં 20.36 લાખ ઘર-સંસ્થાનો સરવે થયો

**કાદરશાની** નાળમાં મેટ્રોને અને ઉધના રિલાયન્સ મોલને 5-5 હજારનો દંડ

સુરતઃ ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા શહેરભરમાં સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તા.1થી 21 સપ્ટેમ્બર દરમિયાન ઈન્ટ્રાડોમેસ્ટિક સરવેમાં 20.36 લાખ ઘર અને સંસ્થાઓની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન 46.33 લાખ મચ્છર ઉત્પત્તિના પાત્રો તપાસતાં 28,259 મચ્છરના બ્રીડિંગ મળી આવ્યાં હતાં, જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. મચ્છરજન્ય પરિસ્થિતિ ઊભી કરનારા 5,340 લોકોને નોટિસ આપી કુલ રૂ.3.08 લાખ વહીવટી ખર્ચ વસૂલાયો હતો. બીજી તરફ શહેરની બાંધકામ સાઈટો પણ મચ્છરના બ્રીડિંગ માટે જોખમી બની રહી હોવાથી ત્યાંથી અત્યાર સુધીમાં રૂ.15.78 લાખનો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો છે.

### 928 બાંધકામ સાઈટમાં 681 બ્રીડિંગ મળ્યાં

12થી 18 સપ્ટેમ્બર દરમિયાન હાથ ધરાયેલી સાપ્તાહિક બાંધકામ સરવે ઝુંબેશમાં 928 બાંધકામ સાઈટ તપાસવામાં આવી જેમાં 681 મચ્છરના બ્રીડિંગનો નાશ કરાયો. 122 ઓર્ગેનાઈઝરને નોટિસ આપવામાં આવી હતી અને કુલ રૂ.4.59 લાખનો વહીવટી ખર્ચ વસૂલાયો હતો.


નજીવી ફીમાં મૂલ્યલક્ષી શિક્ષણનો મહાયજ્ઞ

# જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ કેમ્પસમાં એકસાથે 23 હજારથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ

**91** ભામાશાઓના સહયોગથી 2002માં શરૂ થયેલી સંસ્થા આજે ચાર શૈક્ષણિક વિભાગો સાથે વિશાળ વિદ્યાસંકુલ બની

**1,400થી** વધુ શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, 171થી વધુ સ્કૂલ બસ અને 900થી વધુ CCTV કેમેરાથી સુસજ્જ કેમ્પસ



સુરતઃ સમાજના મોભી સમાન ટ્રસ્ટીઓ અને દાતાઓના સહયોગથી શિક્ષણ અને સમાજસેવાનો મહાયજ્ઞ આગળ ધપાવતી શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ આજે હજારો વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાસભર, સંસ્કારયુક્ત અને મૂલ્યલક્ષી શિક્ષણનું કેન્દ્ર બન્યું છે. વર્ષ 2002માં સ્થાપિત થયેલા આ ટ્રસ્ટ દ્વારા શિક્ષણની સાથે મેડિકલ ક્ષેત્રે પણ નોંધપાત્ર સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ 2009માં માત્ર 400 બાળકો સાથે શરૂ થયેલા વિદ્યા સંકુલમાં અત્યાર સુધીમાં 23 હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે. સંસ્થાના જણાવ્યા મુજબ, છેલ્લા 14 વર્ષથી વિદ્યાર્થીઓ પાસેથી એક પણ રૂપિયો ફી વધાર્યા વિના નજીવી ફીમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કાર, રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાના મૂલ્યોનું સિંચન થાય તેવો પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. હાલ વિદ્યા સંકુલના કેમ્પસમાં ચાર વિભાગ કાર્યરત છે. તેમાં ગુજરાતી માધ્યમની મિશ્રશાળા, ગુજરાતી માધ્યમની કન્યાશાળા, અંગ્રેજી માધ્યમની CBSE શાળા તથા અંગ્રેજી માધ્યમની GSEB શાળાનો સમાવેશ થાય છે. 91 જેટલા ભામાશાઓ, ટ્રસ્ટીઓ અને દાતાઓના સહયોગથી શરૂ થયેલી આ સંસ્થાએ શિક્ષણ અને આરોગ્યસેવાના ક્ષેત્રે સતત વિસ્તરણ કર્યું છે.

### પ્રાર્થના ખંડથી વ્યક્તિત્વ વિકાસ પર ભાર

વિદ્યાર્થીઓ નાનપણથી જ પોતાની સુષુપ્ત શક્તિઓ અને પ્રતિભાને વિકસાવી શકે તે માટે સંકુલમાં આશરે 15 વિશાળ પ્રાર્થના ખંડોની વ્યવસ્થા છે. શિક્ષણની સાથે સંસ્કાર અને વ્યક્તિત્વ વિકાસને પણ મહત્વ આપવામાં આવે છે.

### 2025-26માં ધોરણ 10 અને 12નું નોંધપાત્ર પરિણામ

શાળાના જણાવ્યા મુજબ વર્ષ 2025-26ના પરિણામમાં ધોરણ 10માં 338 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 447 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો હતો. જ્યારે ધોરણ 12માં 109 વિદ્યાર્થીઓએ A1 અને 234 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો હતો. વિદ્યા સંકુલમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓમાંથી આજદિન સુધીમાં 800થી વધુ એન્જિનિયર, 100થી વધુ ડોક્ટરો, CA, CS, આર્મી તથા પોલીસ અધિકારીઓ અને વિવિધ સરકારી સેવાઓમાં અધિકારીઓ બન્યા છે.

### 1,400થી વધુ સ્ટાફ સંસ્થાની તાકાત

વિદ્યા સંકુલમાં હાલમાં 1,400થી વધુ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કાર્યરત છે. સંસ્થાના જણાવ્યા મુજબ, સ્ટાફની નિષ્ઠા અને સતત મહેનત સંસ્થાના વિકાસ અને વિસ્તરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

### 1.25 લાખ ચોરસ ફૂટનું વિશાળ મેદાન અને ગાર્ડન

વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ તથા વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓ માટે આશરે 1.25 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં વિશાળ ગાર્ડન અને મેદાન વિકસાવવામાં આવ્યું છે. કેમ્પસમાં 1,250 બેઠકની ક્ષમતાવાળું વિશાળ ઓડિટોરિયમ તેમજ 180 બેઠકનું મિની ઓડિટોરિયમ પણ કાર્યરત છે. વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને અન્ય કાર્યક્રમો માટે આ સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

### ડિજિટલ શિક્ષણ સાથે પ્રેક્ટિકલ લેબની સુવિધા

આધુનિક શિક્ષણની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંકુલમાં 13 કોમ્પ્યુટર લેબ તથા સ્માર્ટ વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ડિજિટલ યુગને અનુરૂપ શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર આધારિત અભ્યાસ પર ભાર મૂકવામાં આવે છે. સાયન્સ અને ગણિત જેવા વિષયોને માત્ર પુસ્તકી જ્ઞાન સુધી મર્યાદિત ન રાખીને પ્રેક્ટિકલ રીતે સમજાવવા માટે કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી અને લેંગ્વેજ લેબ પણ ઉપલબ્ધ છે.

### સોલારથી વીજળી, 1,300થી વધુ વૃક્ષો

શાળા કેમ્પસને પર્યાવરણલક્ષી બનાવવાના પ્રયાસરૂપે શાળાની જરૂરીયાતની વીજળી માટે 500 KWની સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. સાથે જ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને તેઓ વિવિધ વૃક્ષોને ઓળખી શકે તે માટે કેમ્પસમાં 1,300થી વધુ નાના-મોટા વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ રીતે શિક્ષણની સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

### 171થી વધુ સ્કૂલ બસ, 900થી વધુ CCTV

વિદ્યાર્થીઓની અવરજવર અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંકુલ દ્વારા 171થી વધુ સ્કૂલ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર વિદ્યાસંકુલનું મોનિટરિંગ અને વિદ્યાર્થીઓની સલામતી માટે કેમ્પસમાં 900થી વધુ CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે.

### શિક્ષણ સાથે મેડિકલ ક્ષેત્રે પણ સેવા

વર્ષ 2007થી ટ્રસ્ટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મેડિકલ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. વરાછા, ડભોલી-કતારગામ, મોટા વરાછા તથા લસકાણા ખાતે મળી કુલ ચાર મેડિકલ સેન્ટરો કાર્યરત છે. આ કેન્દ્રોમાં સોનોગ્રાફી, એક્સ-રે, આંખ વિભાગ, દાંત વિભાગ, લેબોરેટરી અને જનરલ ફિઝિશિયન સહિતની વિવિધ તબીબી સેવાઓ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ટ્રસ્ટના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં 75 લાખથી વધુ લોકોએ આ મેડિકલ સેવાઓનો લાભ લીધો છે.